# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. રાજ્યમાં આગામી 21 એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે
2. ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં વધારો કરાયો
3. પાટણ જિલ્લાના સમી-રાધનપુર હાઇવે પર અકસ્માતમાં 6 લોકોનાં મોત
4. આગામી 24 કલાક બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી
5. અંદાજે 12 લાખ 88 હજારથી વધુ લોકોએ ગયા વર્ષે રાજ્યના ચાર વારસા સ્થળોની મુલાકાત લીધી

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SUPPORT PRICE

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી 21 એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. તેમણે કહ્યું કે, એક હજાર 903 કરોડ રૂપિયાના કુલ 3 લાખ 36 હજાર મેટ્રિક ટન ચણાના જથ્થાની અને 767 કરોડ રૂપિયાના એક લાખ 29 હજાર મેટ્રિક ટન રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે.

શ્રી પટેલે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે વર્ષ 2024-25ની રવિ મોસમ દરમિયાન ચણા માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ તથા રાયડા પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો હતો. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના 3 લાખ 36 હજારથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. ચણા માટે નક્કી કરાયેલા 179 ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા 87 ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરાશે.

. . . . . . . . . . . . . .

# CM PANCHAYAT GRANT

રાજ્ય સરકારે ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં વધારો કર્યો છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ, નવી કચેરીના નિર્માણ માટે ગ્રામ પંચાયતોને 25 થી 40 લાખ રૂપિયાની રકમ વસ્તીના ધોરણે અપાશે.

ગ્રામ પંચાયત સાથે તલાટી-કમ-મંત્રી આવાસ પણ નિર્માણ થવાથી ગ્રામ્ય સ્તરે જ તલાટીની ઉપલબ્ધિ સરળ બનશે.

તાલુકા પંચાયત કચેરીઓના બાંધકામ માટેની વર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરાયો છે. 3 કરોડ 10 લાખ રૂપિયાને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય અપાશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતને નવીન મકાનના નિર્માણ માટે 38 કરોડ રૂપિયાને બદલે 52 કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

. . . . . . . . . . . . .

# RUSHIKESH RESTRUCTURING

વર્ષ 2023-24માં રાજ્યની સરકારી ઈજનેરી અને ડિપ્લોમા કૉલેજોની બેઠકોમાં થયેલા રી-સ્ટ્રકચરીંગથી વિદ્યાર્થી-વાલીઓને 35 કરોડ રૂપિયાની બચત થઈ છે. રી-સ્ટ્રકચરીંગની પહેલથી એક હજાર 600થી વધુ વિદ્યાર્થીઓને સરકારી સંસ્થામાં પ્રવેશનો લાભ મળ્યો છે. સરકારી સંસ્થાઓમાં રીસ્ટ્રક્ચરીંગ થયેલી બેઠકોમાંની ડિગ્રી ઇજનેરીની 92 ટકા અને ડિપ્લોમા ઇજનેરીની 89 ટકાથી વધુ બેઠકો ભરાઇ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં કુલ 16 પૈકી 10 ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં કુલ એક હજાર 539 બેઠકોમાં રીસ્ટ્રક્ચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ 2024ના પ્રવેશ દરમિયાન એક હજાર 413 બેઠકો ભરાઇ છે. જ્યારે 31 સરકારી પોલીટેકનિક સંસ્થાઓ પૈકી 9 સંસ્થાઓમાં

748 બેઠકોમાં રીસ્ટ્રક્ચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ 2024માં 668 બેઠકો ભરાઈ હતી.

. . . . . . . . . . . . . .

## GANDHINAGAR STRIKE

છેલ્લા 32 દિવસથી આંદોલન કરી રહેલા એક હજાર 500 ખેલ સહાયકોના આંદોલનનો અંત આવ્યો છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ,ક્રીડા ભારતી ગુજરાતના હોદ્દેદારો વચ્ચે સફળ ચર્ચા બાદ મુખ્યમંત્રીએ સમિતિ બનાવી ખેલ સહાયકોની કાયમી ભરતી પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપી છે.

આંદોલન કરતા વ્યાયામ શિક્ષકોનું નેતૃત્વ કરી રહેલા ચાર મુખ્ય વ્યક્તિઓ પણ ચર્ચામાં સામેલ થયા હતા, ત્યારે આંદોલન હાલ પુરતું મુલત્વી રાખવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . .

## KANU DESAI - DGVCL

નાણાં મંત્રી કનુ દેસાઇએ જણાવ્યું છે કે, દેશની 42 વીજ કંપનીઓમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ-DGVCL એ ‘એ’ રેટિંગ પ્રાપ્ત કર્યું છે. ભરૂચના અંકલેશ્વરમાં અંદાજે સાડા 6 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી દક્ષિણ ગુજરાત વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીનું નાણાં

મંત્રીએ લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આ કચેરીથી અંકલેશ્વર, ઝગડીયા, પાનોલી જી આઈ ડી સીના વીજ ગ્રાહકોને વધુ સારી સેવાઓ પ્રાપ્ત થશે.

**(બાઇટ: કનુ દેસાઇ – નાણાં મંત્રી)**

. . . . . . . . . . . . .

# PATAN ACCIDENT

પાટણ જિલ્લાના સમી-રાધનપુર હાઇવે પર આજે સર્જાયેલા અકસ્માતમાં 6 લોકોનાં મોત થયા છે. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે માતાના મઢથી હિંમતનગર તરફ જતી એસટી બસ અને રીક્ષા વચ્ચે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . .

# AHEMDAVAD - SCHOOL CLOSE

અમદાવાદમાં ગરમી ચરમસીમાએ પહોંચતા જિલ્લા શિક્ષણ અધિકારી કાર્યાલયે બપોરના 12 વાગ્યા પછી શાળા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું કે, શહેરમાં આ નિયમનું પાલન સુનિશ્ચિત કરવા માટે આવતીકાલથી DEO

કચેરી ટીમ દ્વારા તપાસ ચાલુ કરાશે, અને નિયમનું ઉલ્લંઘન કરતી શાળાઓ સામે  સામે કડક કાર્યવાહી કરાશે.

. . . . . . . . . . . . .

## MAHESANA – ACHIVEMENT

મહેસાણાના વિસનગર તાલુકામાં સગર્ભા માતા મૃત્યુદર શૂન્ય કરી જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય શાખાએ એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. આરોગ્ય તંત્ર દ્વારા થઈ રહેલા પ્રયાસો અંગે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. આર.ડી. પટેલે જણાવ્યુ કે, સગર્ભા માતાઓમાં  લોહીની ઉણપ જણાય ત્યારે આરોગ્ય કર્મચારી જાતે રકતદાન કરીને પણ માતાનો જીવ બચાવે છે.

**(બાઇટ : ડૉ. રાજેશ પટેલ)**

. . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## WEATHER

આગામી 24 કલાક બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ બાદ ફરી તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

**( બાઇટ: એ કે દાસ)**

દરમિયાન, રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું. ત્યારબાદ સુરેન્દ્રનગર અને રાજકોટમાં 44 ડિગ્રી સેલ્સિયસ જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં 42 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

## GUJARAT HERITAGE SITES VOICE CAST

**યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ 'વિશ્વ વારસા દિવસ' ઉજવવામાં આવે છે. દેશનાં 43 વિશ્વ વારસા સ્થળોમાં સમાવેશ**

**પામેલા ગુજરાતનાં ચાર વારસા સ્થળોની મુલાકાત લેનાર પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષે 12 લાખ 88 હજારથી વધુ લોકોએ આ ચાર વારસા સ્થળોની મુલાકાત લીધી હતી.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ**

**VOICE CAST**

*(યુનેસ્કો દ્વારા સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કળા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને ગુજરાતના ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેરઅને ધોળાવીરા એમ ચાર સ્થળોને વિશ્વ વારસા સ્થળનો દરજ્જો આપવામાં આવ્યો છે. સૌથી વધુ 7 લાખ 15 હજારથી વધુ લોકોએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ત્રણ લાખ 64 હજારથી વધુ પ્રવાસીઓએરાણી ની વાવ-પાટણ, એક લાખ 60 હજારથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજારથી વધુપ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી હતી.રાજ્યમાં આ ચાર સહિતનાં કુલ ૧૮ વારસા સ્થળોની ગત વર્ષે કુલ 36 લાખ 95 હજારથી પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. )*

**અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

. . . . . . . . . . . . .

# METRO TRAIN TIME

આગામી 19 એપ્રિલે સવારે 8 વાગ્યાથી બપોરે સાડા બાર વાગ્યા સુધી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-1 ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેન સેવાઓ

સ્થગિત રહેશે. મેટ્રો રેલ સેફ્ટીના કમિશનર દ્વારા આ રૂટનું નિરીક્ષણ કરવાના હોવાથી તે દિવસે સેક્ટર-1 થી મોટેરા સ્ટેડિયમ વચ્ચેની પહેલી ટ્રેનનો પ્રસ્થાન સમય બપોરે 12:58 કલાકે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1ની પહેલી ટ્રેનનો સમય બપોરે 1 ને 12 મિનિટે રહેશે.

. . . . . . . . . . . . .

# TRAIN - RESTORATION

આગામી 19 એપ્રિલથી અમદાવાદ મંડળની ભુજ બરેલી એક્સપ્રેસ ટ્રેન હવે તેના પૂર્વનિર્ધારિત માર્ગ પર જ ચાલશે. જયપુર મંડળમાં અનાજ મંડી રેવાડી - રેવાડી રેલ ખંડ પર હાથ ધરાયેલું સમારકામ પૂર્ણ થતાં ભુજ બરેલી ટ્રેન તેના નિર્ધારિત માર્ગ કુલેરા - જયપુર - અલવર - રેવાડીથી ચાલશે.

. . . . . . . . . . . . .

# MEHSANA JAGDISH VISHWAKARMA

રાજ્યના સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું, એક રાષ્ટ્ર, એક ચૂંટણી'થી સમય અને નાણાંની બચત થશે. મહેસાણાના વિસનગરમાં આવેલી સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં યોજાયેલા માર્ગદર્શન સેમિનારમાં શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે દેશની સામાજિક સંસ્થાઓ, એનજીઓ સહિત 85 ટકા કરતા વધુ લોકો એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના સમર્થનમાં છે.

. . . . . . . . . . . . .

# NIFT DAMAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ત્રિદિવસીય હસ્તકળા મહોત્સવનો આજે પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી દર્શનાબેન જરદોશે પ્રારંભ કરાવ્યો. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (NIFT) દ્વારા યોજાયેલા આ મેળામાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને દિલ્લી સહિતના 10 રાજ્યના 40 કારીગરો બાંધણી, પટોળા, તોરણ, પેચવર્કની વસ્તુ, કચ્છી હસ્તકળા સહિતના ઉત્પાદનનું પ્રદર્શન કરશે.

આ ઉપરાંત મેળામાં લોક સંગીત, ફેશન શો અને કવિ સંમેલન સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR YOG SHIBIR

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરેન્દ્રનગર ખાતે યોગ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં 550થી પણ વધુ યોગપ્રેમી ભાઈબહેનોએ ઉપસ્થિત રહી પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ચેરમેન યોગ સેવક શિશપાલજીનો વિડીયો સંદેશ યોગપ્રેમીઓએ નિહાળ્યો હતો. ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત’ કાર્યક્રમ અનુલક્ષીને મેદસ્વિતા મુક્તિ માટેના આસનોની તાલીમ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .